ક્રમાંક:મઉમશબ/ક/વિ.પ્ર./રી.ઉ./૧૦૪૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૧/૧૦/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ),
ગુજરાત રાજ્ય.

વિષય – ઉ.મા.પ્ર. પરીક્ષા, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહના રીપીટર ઉમેદવારો માટે આગામી વર્ષ-૨૦૨૨માં યોજાનાર મુખ્ય પરીક્ષાના અભ્યાસક્રમ બાબત.

સંદર્ભ – (૧) પત્રક્રમાંક-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૯૬૧-૪૦૦૦, તા.૨૪/૦૭/૨૦૧૮

(૨) પત્રક્રમાંક-મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૩૯, તા.૨૬/૦૬/૨૦૧૯

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ઉ.મા.પ્ર. પરીક્ષા, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહમાં જૂન-૨૦૧૯ થી 02 હિન્દી (F.L.), 06 અંગ્રેજી (F.L.), 050 ગણિત, 052 રસાંયણ વિજ્ઞાન, 054 ભૌતિક વિજ્ઞાન અને 056 જીવ વિજ્ઞાન વિષયોમાં NCERT ના અભ્યાસક્રમ મુજબ નવાં પાઠ્યપુસ્તકો અમલમાં આવેલ છે. આ અભ્યાસક્રમ મુજબ પ્રથમ પરીક્ષા માર્ચ-૨૦૨૦માં યોજવામાં આવેલ હતી.

માર્ચ-૨૦૨૦ પહેલાની પરીક્ષાના રીપીટર વિદ્યાર્થીઓને (શૈક્ષણિક વર્ષ.૨૦૧૭-૧૮ અને વર્ષ.૨૦૧૮-૧૯ના વિદ્યાર્થીઓ) 02 હિન્દી (F.L.), 06 અંગ્રેજી (F.L.), 050 ગણિત, 052 રસાયણ વિજ્ઞાન, 054 ભૌતિક વિજ્ઞાન, 056 જીવ વિજ્ઞાન વિષયોની ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળના જૂના પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસક્રમ મુજબની પરીક્ષાની ઓગષ્ટ ૨૦૨૧ સુધી પૂરતી

તક આપવામાં આવેલ છે અને હવે પછી સદર વિદ્યાર્થીઓની જૂના પાઠ્યપુસ્તક આધારિત અભ્યાસક્રમ મુજબની પરીક્ષા લેવામાં આવશે નહિ. જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

વધુમાં જણાવવાનું કે આગામી વર્ષ-૨૦૨૨માં યોજાનાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉ.મા.પ્ર.પરીક્ષા માર્ચ-૨૦૨૨ થી તમામ પ્રકારના (રેગ્યુલર/રીપીટર/પૃથ્થક) વિદ્યાર્થીઓની પરીક્ષા પ્રવર્તમાન NCERT ના નવા અભ્યાસક્રમ મુજબ 50% (MCQ) OMR અને 50% (THEORY) સબજેક્ટીવ પ્રકારના પ્રશ્ન પદ્ધતીથી જ લેવામાં આવશે જેની ગુજરાતની નોંધાયેલ વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવી તેમજ શાળામાંથી પરીક્ષામાં ઉપસ્થિત થનાર તમામ (રેગ્યુલર/રીપીટર/પૃથ્થક) ઉમેદવારોને આ બાબતની જાણ કરવા જણાવવામાં આવે છે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**<u>સવિનય નકલ રવાના :-</u>**

(૧) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(૨) માનનીય સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(૩) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(૪) માનનીય સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**<u>નકલ રવાના :-</u>**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા સારુ.
(૨) સંશોધન શાખા તરફ, "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ" આગામી માસિક અંકમાં પ્રસિદ્ધ કરવા સારુ.